# જયમતિનો ત્યાગ

– યશવંત કડીકર

આસામના ઇતિહાસમાંએ સંકટની ઘડી હતી. રાજસિંહાસન એક ચૌદ વર્ષનો બાળક સંભાળતો હતો. એ મહામંત્રી લાલક બરફુકનના હાથમાંની કઠપૂતળી માત્ર હતો. લોકો કહે છે એમ ‘બાળક રાજા’ હતો. આજ એની લાલક સાથે ગુપ્ત મંત્રણા ચાલી રહી હતી. લાલક કહી રહ્યો હતો ‘મહારાજા, આપની ગાદી કાયમી રહે એ માટે મારે ખાસ વ્યવસ્થા કરવી પડશે.’

‘કઈ વ્યવસ્થા, બરફુકન ?’

‘મહારાજ, આપ જાણો છો કે રાજ્યમાં કેટલાય રાજવંશ છે અને એમાં ઘણા રાજકુમારો એવા છે કે જે ક્યારેક પણ રાજગાદી પર પોતાનો હક કરી શકે છે. આપણી અહોમ જાતિની પરંપરા પ્રમાણે એ જરૂરી છે કે રાજા બનનારા માણસનું કોઈ પણ અંગ કપાયેલું ન હોવું જોઈએ.

‘હા, હું જાણું છું આ નિયમ અને એ પણ કે એનું સખ્તાઈથી પાલન પણ થાય છે.’

‘તો મહારાજ, આજ્ઞા આપો તો રાજકુમારોનાં અંગોનું છેદન કરવામાં આવે.’

‘પ્રસ્તાવ સારો છે, બરફુકન ! હું એ સાથે સહમત છું.’

લાલક નીચ બુદ્ધિનો મહત્વાકાંક્ષી માનવી હતો. અને પોતે રાજા બનવાનાં સ્વપ્નાં જોઈ રહ્યો હતો. એ માટે મોગલો સાથે દોસ્તી બાંધતાં પણ તે ન ખચકાયો. એણે વિચાર્યું કે બાલરાજા તો એના હાથમાં છે જ. એમને તો એ ઇચ્છે ત્યારે ખતમ કરી શકે છે. પણ એ પહેલાં બીજા બધા રાજકુમારોને પતાવી દેવા જોઈએ. એ માટે એણે રાજ–આજ્ઞા દ્વારા રાજવંશોમાં જન્મેલા બધા પુરુષોનું અંગછેદન કરવાનું નીચ કાર્ય આરંભ્યું. કોઈના કાન કપાવ્યા તો કોઈનાં નાક કપાવ્યાં અને કેટલાક રાજકુમારોને તો મોતને ઘાટ પણ ઉતારી દીધા.

થોડા દિવસ પછી લાલક અને બાલરાજા ફરી મંત્રણા કરવા બેઠા. લાલકે જણાવ્યું કે રાજકુમારોના અંગછેદનની કામગીરી લગભગ પૂરી થઈ ચૂકી છે. પરંતુ એક રાજકુમાર બચી ગયો છે.’

‘કોણ છે તે ?’ બાલરાજાએ પૂછ્યું.

‘મહારાજ, એ એક ભૂતપૂર્વ રાજવીનો પુત્ર ગદાપાણિ છે. એની પત્નીની સલાહથી એ ભાગી ગયો છે.’

‘તો તમે કંઈક ઉપાય શોધો, મહામંત્રી !’

‘હવે તો એ ઉપાય છે કે એની પત્નીને પકડીને અહીં મંગાવવામાં આવે અને એની પાસેથી ગદાપાણિનો પત્તો જાણવામાં આવે.’

‘એમ કરો. કોણ છે ગદાપાણિની પત્ની ?’

‘જયમતિ.’

જયમતિને રાજધાનીમાં લાવવામાં આવી. તેને જાત જાતની લાલચો આપવામાં આવી, પણ તેણે તેના પતિની ભાળ ન આપી. લાલચો પછી શરૂ થયું ત્રાસ આપવાનું, પણ જયમતિએ જરાયે મચક ન આપી. પછી જયમતિને જેરેગા નામના મેદાનમાં લાવવામાં આવી. જ્યાં અપરાધીઓને લોકોની સામે બાંધી મૃત્યુદંડ આપવામાં આવતો હતો. એને એક ઝાડ સાથે બાંધી ભૂખી–તરસી રાખવામાં આવી. લોકો આવતા અને જયમતિની દશા જોઈ મનમાં જ દુઃખી થતા ચાલ્યા જતા.

એક દિવસ એક પહોળો પહોંચતો ખેડૂત આવ્યો અને જયમતિને કહ્યું, ‘અરે, તું પણ ખરી સ્ત્રી છે, બતાવી કેમ દેતી નથી ગદાપાણિનું ઠેકાણું ? આ રીતે શું મોતને વરીશ ?’

જયમતિએ એના તરફ ધ્યાનથી જોયું, પણ તે કંઈ ન બોલી. બીજા દિવસે આવીને ખેડૂતે ફરી પેલી વાત કરી, તું એવા માટે જાન આપવા તૈયાર થઈ છે, જેને તારી કોઈ ચિંતા જ નથી !’

જયમતિએ એથી આગળ ખેડૂતને કંઈ બોલવા ન દીધો, અને દૃઢ સ્વરે કહ્યું, ‘જુઓ, હું બધી યાતનાઓ ભોગવી શકું છું. પણ આવી વાતો સાંભળવાને તૈયાર નથી. ચાલ્યા જાઓ અહીંથી.’

ખેડૂતે જયમતિ તરફ રહસ્યમય દૃષ્ટિએ જોયું. અને ધીમેધીમે ત્યાંથી ચાલ્યો ગયો. જયમતિ



એના તરફ કતરાતી પરંતુ સ્નેહભરી આંખોની જોઈ રહી. જયમતિ ઓળખી ગઈ હતી કે એ પોતાનો પતિ ગદાપાણિ હતો. ગદાપાણિ પણ જાણી ગયો હતો કે જયમતિ એને ઓળખી ગઈ છે. જ્યારે જયમતિએ ગદાપાણિનું ઠેકાણું ન બતાવ્યું એટલે એનો વધ કરવામાં આવ્યો.

જયમતિનું બલિદાન વ્યર્થ નથી ગયું. દેશ પરદેશમાં ભટકતા ગદાપાણિએ સેના એકઠી કરી અને બેવર્ષની અંદર જ સને ૧૬૮૧મા અહોમની ગાદી પર અધિકાર મેળવી લીધો. લાલક બરફુકન જેણે અનેક ક્રૂરતાઓને જન્મ આપ્યો હતો તેને મોતને ઘાટ ઉતાર્યો. ગદાપાણિએ ગદાધરસિંહ નામે ચૌદ વર્ષ સુધી રાજ્ય કર્યું અને એમના પછી જયમતિથી જન્મેલા એમના પુત્ર રૂદ્રસિંહે રાજ્યકારભાર સંભાળ્યો. જયમતિનો આ પુત્ર અહોમ વંશનો મહાન રાજ્યકર્તા તથા સંસ્કૃતિનો મહાન રક્ષક હતો. રૂદ્રસિંહે જેરેગાના મેદાનમાં એક વિશાળ સરોવર અને એના કિનારે પથ્થરનું એક સુંદર મંદિર બનાવડાવ્યું. સરોવરનું નામ પાડયું. જયમંદિર જયતીર્થ, જયસાગરની વચ્ચે સ્તંભ ઊભો કરવામાં આવ્યો છે, જયાં માતા જયમતિનો વધ કરવામાં આવ્યો હતો.

■